ગુજરાત-સૌરાષ્ટ્રમાં હજુ વરસાદી ઝાપટાંના યોગ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી ૧૨થી ૨૦ સપ્ટેમ્બર દરમ્યાન ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં હજુ વરસાદી ઝાંપટા પડશે. જોકે ગરમી પણ હજુ એક માસ સુધી પડશે.

હમણાં રાજ્યના ભાગોમાં અતિવૃષ્ટિ થયા પછી પણ વરસાદી ઝાપટાં પડવામાં હતા. હવે, ગુજરાત સૌરાષ્ટ્રના કેટલાકના ભાગોમાં ઉભા કૃષિ પાકોને વરસાદની જરૂર છે. ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતાં આગામી દિવસોમાં વરસાદી ઝાપટાં પડવાની વકી રહેશે. તા. ૧૩ થી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં સૂર્ય આવતાં ગરમી પડવાની શક્યતા રહે. ગરમીનો આંક લગભગ એક માસ સુધી રહે. અને કેટલાક ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૩૨ ડિગ્રી સેલ્સીયસ રહેવાની સંભાવના રહે. ગરમીના લીધે સાગરમાં હવાના હળવા દબાણ થવાની શક્યતા રહે. હજુ ભૂર પવન થયો નથી જેથી વરસાદની શક્યતા રહેશે.આગામી ત્રણ દિવસમાં દક્ષિણ ગુજરાત નવસારી, વલસાડ, સુરત વિગેરે ભાગોમાં વરસાદી ઝાપટાંની વકી રહેશે. જ્યારે તા. ૧૨ થી ૨૦માં ગુજરાત, સૌરાષ્ટ્રના ગણા ભાગોમાં વરસાદી ઝાપટાં પડી શકે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના આ વરસાદી ઝાપટાંથી ઉભા કૃષિ પાકોને સારૂ રહે. નિગલ અવસ્થાવાળા પાકોને શારૂ રહે. જ્યારે આગામી ઓક્ટોબર-નવેમ્બર માસમાં પણ સાગરકાંઠે હવાના હળવા દબાણ પણ થઈ શકે અને દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં ચકવાતી વરસાદ થવાની શક્યતા રહે. ગુજરાતના દરિયા કિનારે પણ પવન ફૂંકાય. હવે સપ્ટેમ્બરમાં આવનાર વરસાદ પવન સાથે રહેવાની શક્યતા રહે.

આ આગાહી કૃષિલક્ષી છે, ઉત્પાત સંબંધી નથી.

નવરાત્રી ચોક સેકટર-૨૭ ગાંધીનગર ખાતે સેક્ટરના વડિલો તથા સ્થાનીક કોર્પોરેટર બરખાબેન જહાએ સાથે રહી વૃક્ષારોપણ કર્યુ હતું. આ પ્રસંગે કોર્પોરેટર બરખાબેન જહા, રાજુભાઈ રાજગોર, ગોરધનભાઈ પટેલ તથા હાજર વડીલા દ્વારા વૃક્ષો વાવી તેનું જતન કરવા એક એક વૃક્ષ દત્તક લઈ ઉછેરવાનો સંકલ્પ કર્યો હતો.

મોડાસા ટાઉન પોલીસે કિડની કૌભાંડના રેકેટ પર ઢાંકપિછોડો કરવાના પ્રયાસો

મોડાસા, તા. ૧૦

મોડાસા શહેરમાં કિડની કૌભાંડ રેકેટમાં ગરીબી અને દેવાના પગલે મોડાસાના ગરીબી અને દેવામાં ડૂબેલા ઈકબાલ અને સલાઉદ્દીન નામના યુવકોને ૧૨ લાખ રૂપિયાની લાલચ આપી બંને યુવકોની મજબુરીનો ફાયદો ઉઠાવી મોડાસાનાજ અને માનવ અંગ તસ્કરીમાં સંડોવાયેલા મોહસીન અને ઈમરાન નામના ભાઈઓએ દિલ્હી અને હરિદ્વાર લઈ જઈ કિડની કાઢી લઈ નક્કી કરેલ રકમ કરતા ઓછા રૂપિયા અપાતા યુવકોએ પરિવારજનોને જણાવતા શનિવારે જિલ્લા એસ.પી. કચેરીમાં બંને યુવકોના પરિવારજનો એસ.પી કચેરીએ પહોંચી જઈ કિડની કૌભાંડનો ભોગ બનેલ બંને યુવકો સાથે થયેલી છેતરપિંડી મામલે ઉગ્ર રજુઆત કરતા બંને યુવકોની ફરિયાદ નોધવામાટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને મોકલ્યા હતા અને આખ્ખો દિવસ પરિવારજનો અને બંને યુવકોની ફરિયાદ નોધવા માટે બેસાડી રાખી મોડી સાંજે જાણવા જોગ ફરિયાદ લઈ બંને યુવકો અને તેમના પરિવારજનોને રવાના કરી દેવતા પોલીસતંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા હતા અને ગુજરાતમાંથી કિડની કૌભાંડના રેકેટનો પર્દાફાશ થવાની ઘટના પર પૂર્ણવિરામ મુકાઈ જવાની સંભાવનાઓ પેદા થયી હતી.

અરવલ્લી જિલ્લામાં મુખ્ય મથક મોડાસામાં આજ રોજ અડીખમ ગુજરાત ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહનો "યુવા ટાઉન હૉલ"સંવાદનો કાર્યક્રમ "મહાલક્ષ્મી ટાઉન હૉલ" ખાતે યોજાયો હતો. જેમાં પૂર્વ રાષ્ટ્રીય યુવા મોરચા કાર્યકારિણી સદસ્ય જગદિશભાઈ ભાવસાર , જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મંત્રી હર્ષદગિરી ગોસ્વામી, જિલ્લા યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંત પટેલ જિલ્લા પ્રભારી વિશાલભાઈ દેસાઈ તથા સૌ કાર્યકર્તાઓએ ભારે-ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મોડાસામાં પાસની મિટિંગ ઉમિયા માતાના મંદિરના હોલમાં યોજાઈ

'જય સરદાર જય પાટીદાર'ના નારા ગૂંજ્યા : મોટી સંખ્યામાં પાટીદાર યુવાનો ઉમટ્યા

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાના મેઘરજ રોડ પર આવેલા ઉમિયામાતાજીના મંદિરના હોલમાં રવિવારે પાસની મિટિંગ યોજાયી હતી. જેમાં મોટી સંખ્યામાં પાટીદાર યુવાનો ઉમટી પડ્યા હતા અને આગામી સમયમાં હાર્દિક પટેલની સભા મોડાસામાં યોજવા માટે તૈયારીઓ હાથ ધરવામી આવી હતી.

મોડાસાના ઉમિયામાતાના મંદિરના હોલમાં પાટીદારોને અનામત અપાવવા માટે કાર્યરત પાસની મીટિંગ અમદાવાદ અને પાસના અગ્રણી ભાવિન પટેલ અને રાહુલ દેસાઈ સાબરકાંઠાના કન્વીનર રવિ પટેલ, સહ કન્વીનર કલ્પેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાયી હતી અને મોડાસામાં અત્યાર સુધી હાર્દિક પટેલની એક પણ મહાસભા યોજવામાં આવી નથી. આગામી ટૂંક સમયમાં મોડાસામાં હાર્દિક પટેલની અધ્યક્ષતામાં મહાસભા યોજવા અને અરવલ્લી જિલ્લામાં પાસની નવી સમિતિ રચવા માટે મોટી સંખ્યામાં પાટીદાર યુવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહા સભા માટે મોડાસાના યુવા પાટીદાર અગ્રણી વિપુલ પટેલ, બાયલ-ઢાંખરોલના પ્રણવ પટેલ અને શિવપુરાકંપાના હર્ષ પટેલ અને તેમની ટીમને કામગીરી સોંપવામાં આવી હતી.

ખુદ પૂર્વ સાંસદે સફાઈ કરી ઉમદા કાર્ય કર્યું

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓના વિવિધ માર્ગો ઉપર તાજેતરના અંબાજીના મહામેળા દરમિયાન પદયાત્રીઓ માટે વિસામા સેવા કેન્દ્રો આસપાસ થયેલ ગંદકી દૂર કરવાના ભાગરૂપે ગત વર્ષની જેમ આ વર્ષ પણ ગાંધીવાદી વિચારો ધરાવતા પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ અને તેમના નેજા હેઠળ વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલ જનજાગૃતિ મંચ અંતર્ગત સફાઈ હાથ ધરાઈ હતી. જેમાં જનજાગૃતિ મંચ ઉપરાંત ગાભોઈ કોલેજના છાત્રો દ્વારા હિમતનાગરથી અંબાજી પદયાત્રી માર્ગો ઈપર સફાઈ કરવામાં આવી હતી. જેમાં ૧૧૦થી વધુ સેવાભાવી કાર્યકરોએ અને ખુદ પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્ર સિંહ ચૌહાણ પણ જોડાયા હતા. આ પ્રવૃત્તિ સમાજને એક નવો રાહ ચીંધી રહી છે, એમ કહેવાતું કે સૌનું કામ તે કોઈનું નહિ તેને બદલે ડો. ચૌહાણે સૌનું કામ તે સમાજનું પોતાનું આપણું કામ. એ રાહ ચીંધીને ચેરિટી બીજીન્સ ફ્રેમ હોમને તેમણે સાર્થક કર્યું છે.

ચૂંટણી વ્યૂહરચનાના ભાગરુપે ટાઉનહોલ કાર્યક્રમ

શાહના સંવાદ કાર્યક્રમના સવાલો અને તેના જવાબો

અમદાવાદ,તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ૧૫૦ પ્લસના લક્ષ્યાંકને હાંસલ કરવાના ભાગરૂપે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે તેમની ચૂંટણી વ્યૂહરચનાના ભાગરૂપે આજે યુવા ટાઉનહોલ કાર્યક્રમ મારફતે રાજયના ૨૫૦થી વધુ સ્થળોએથી દોઢ લાખ કરતાં યુવાનો સાથે સીધો સંવાદ કર્યો હતો અને તેમના પ્રશ્નોના જવાબ વીડિયો કોન્ફરન્સની મદદથી આપ્યા હતા. શાહના સંવાદ કાર્યક્રમના સવાલો અને જવાબો નીચે મુજબ છે.

● ઉનાકાંડ ફરીથી ના બને તે માટે શું કરશો?

દલિત અત્યાચારોનો આંકડો હોમ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ પર જોશો તો ગુજરાતમાં ઘણો ઓછો જોવા મળશે. ઉનાકાંડની ઘટના કમનસીબ છે અને સરકારે આ મામલે આકરા પગલાં લીધા છે તેના કારણે જ આરોપીઓ હજુ જેલમાં છે. ઉનાકાંડ જેવી ઘટના ફરી ના બને તે માટે સરકાર કટિબધ્ધ છે

● ખેતીવાડી માટે ભાજપ સરકાર શું કરે છે?

કૃષિવિકાસ અને ખેડૂતોની આવક વધારનાર ગુજરાત એક માત્ર રાજય છે. મેં થોડા આંકડા આપ્યા. એપીએમસીનું જાળુ આવ્યું. કૃષિ મહોત્સવ થકી પ્રયોગશાળાના પ્રયોગ પહોંચાડયા, સોઈલ ટેસ્ટ, કૃષિને લઈ પરંપરાગત પાકોનું ઉત્પાદન વધ્યું છે.

● ગુજરાતના રસ્તાઓ અને ખાડાઓ કયારે રીપેર થશે?

ચોમાસાના સમય દરમ્યાન રસ્તાઓ રીસરફેસીંગ કરી શકાય નહી, તેથી તાત્કાલિક ખાડાઓ નહી પૂરાય પરંતુ તા. ૧૫મી સપ્ટેમ્બર પછી ગુજરાતના તમામ રસ્તાઓના ખાડા પૂરાઈ જશે અને રસ્તાઓ સારા થઈ જશે. તેમણે ઉમેર્યું કે, કોઈપણ ઈશ્યુ ઉભા કરવા સરળ છે પરંતુ તેનો અસરકારક ઈલાજ કરવો સરળ નથી.

● ભાજપને કેમ યુવાઓ મત આપે ?

મત આપવાના ઘણા કારણો છે પરંતુ મુખ્ય કારણ છે ગુજરાતનો વિકાસ. સૌથી મોટુ કારણ વિકાસનું મોડેલ. યુવાનો તકો આપીને પ્લેટફોર્મ આપ્યું તેમ જ કેન્દ્રની સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા જેવી યોજનાઓ કે જેના દ્વારા યુવાનો વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર થયા

● જીએસટી લગાવવાથી વેપારીઓને શું ફાયદો થશે?

જીએસટી આધુનિક પ્રકારની કરપ્રણાલિ છે. જે દેશમાં સમવિકાસ માટે છે. દેશમાં એકસમાન કરથી કોઈને અન્યાય ના થાય તે જોવાનો ઉમદા આશય છે. મુશ્કેલીઓ ચોક્કસ આવે છે પરંતુ તે અંતિમ નથી. જીએસટી કાઉન્સીલ અને સરકાર વેપારીઓને તમામ મદદ માટે તૈયાર છે.

● નોટબંધીના મુદ્દે તમારું શું કહેવું છે આટલી નોટો બેંકોમાં જમા થઇ તો અસફળ રહી?

નોટબંધીથી આજે દેશના વિકાસનું કામ થયું છે. ૯૯ ટકા નોટો બેંકોમાં જમા થઈ ગઈ. પહેલા કોઈએ આરબીઆઈને પૂછયું કે, પહેલા કેટલી નોટો બેંકોમાં હતી ? ભ્રષ્ટાચારીઓના ઘરોમાં પડેલી નોટો બેંકોમાં પહોંચી. બેંકોમાં નોટો જમા કરાવવાથી વાત પૂરી થઈ જતી નથી. કસૂરવારોએ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને પેનલ્ટી સહિત જવાબ આપવો પડશે. અગાઉ ૩.૬ કરોડ લોકો ઈન્કમટેક્સ ભરતા હતા, જયારે હવે ૬.૩ કરોડ લોકો ટેક્સ ભરતા થયા છે. તેનાથી શું ભાજપને ફાયદો છે, ના એ દેશના વિકાસમાં મદદરૂપ બને છે.

● ગુજરાતના શહેરોની સામે આદિવાસીઓના વિકાસ માટે શું કર્યું?

આદિજાતિ વિકાસ માટે ગુજરાતે જે કર્યુ તે અન્ય રાજયોએ કયારેય કર્યું નથી. ૧૫ વર્ષ પહેલાં અને આજના દાહોદની કલ્પના કરશો તો ખબર પડી જશે. વનબંધુ કલ્યાણથી ખૂબ સારા પરિણામો મળ્યા છે.

● મધ્યમ અને લઘુ ઉદ્યોગ માટે સરકાર શું કરી રહી છે?

લઘુ અને મધ્યમ ઉદ્યોગ વગર ગુજરાતની કલ્પના નથી. રાજય અને કેન્દ્ર સરકારે આ ક્ષેત્ર માટે એક હજાર કરોડ ફાળવ્યા છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગને ઉત્તેજન આપવા કેન્દ્ર સરકારે પણ આયોજન કર્યું છે. ગુજરાત સરકારની યોજનાઓના પરિણામ આપણને જોવા મળી રહ્યા છે.

ભાજપે અડીખમ નહી પણ ખાલીખમ ગુજરાત કર્યું છે

ભાજપના ૨૨ વર્ષના શાસનનો હિસાબ આપવાના બદલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કોંગ્રેસ પર વાહિયાત આક્ષેપો કરી પ્રજાનું ધ્યાન બીજે વાળવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે. વાસ્તવમાં ભાજપે અડીખમ ગુજરાત નહી પરંતુ ખાલીખમ ગુજરાત કરી નાંખ્યું છે. ભાજપના કુશાસનમાં ગુજરાત બે લાખ કરોડનું દેવાદાર બની ગયું છે. એટલું જ નહી, શિક્ષણ, રોજગાર સહિતના ક્ષેત્રોમાં ગુજરાત અન્ય રાજયોની સરખામણીએ આઘાતજનક રીતે પાછળ ધકેલાઈ ગયું છે. આ બધી વાતોનો સાચો જવાબ આપવાને બદલે અમિત શાહે માત્ર વાણીવિલાસ કરતાં ગુજરાતની જનતા ભાજપના જવાબ નહી આપવાના વલણથી ભારે નિરાશ થઈ છે એમ અત્રે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર કરેલા આક્ષેપો સામે કોંગ્રેસ તરફથી વળતા પ્રહારો કરતાં ડો.મનીષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના ૨૨ વર્ષના શાસનમાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર, કૃષિ અને કાયદો વ્યવસ્થા સહિતના ક્ષેત્રોમાં ગુજરાત આઘાતજનક રીતે પાછળ ધકેલાતાં જ ભાજપના કુશાસનનો પર્દાફાશ થઈ ગયો છે. ગુજરાતી પ્રજાજનોના પુરૂષાર્થ અને સામર્થ્યના કારણે ગુજરાત અડીખમ બનીને ઉભુ છે, તેમાં ભાજપનો કોઈ ફાળો નથી. ઉલ્ટાનું ભાજપના ભ્રષ્ટાચાર, ખોટી આર્થિક નીતિ અને સ્વપ્રસિધ્ધિ પાછળ બેફામ રીતે પ્રજાની કરોડો રૂપિયાની પરસેવાની કમાણી ઉડાવી છે તેના કારણે સરકારી તિજોરી ખાલીખમ થઈ છે. રાજયમાં ૧૯૯૮ પહેલાના કોંગ્રેસના શાસનમાં ગુજરાતનું દેવું માત્ર રૂ.૧૮ હજાર કરોડ હતું પરંતુ ભાજપના શાસનમાં આ દેવું વધીને રૂ. બે લાખ કરોડ જેટલું થઈ ગયું છે અને આ સાથે ગુજરાતને અગ્રીમ દેવાદાર રાજયોની યાદીમાં મૂકી દીધું છે.

ભાજપ પ્રમુખની આગેવાનો સાથે મેરેથોન બેઠકોનો ધમધમાટ

ભાજપે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરી : નિરીક્ષકોની યાદી ટૂંકમાં જાહેર કરાશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત ભાજપ દ્વારા જોરશોરથી ચૂંટણી તૈયારીઓ શરુ કરવામાં આવી છે. આજે ભાજપ કમલમ કાર્યાલય ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહની અધ્યક્ષતામાં પ્રદેશના આગેવાનો સાથે મેરેથોન બેઠકોનો દોર હાથ ધરાયો હતો.

ગુજરાતના પ્રવાસે આવેલા ભાજપા પ્રમુખ અમીત શાહ આજે સવારે યુવાઓ સાથે સીધો સંવાદનો કાર્યક્રમ પૂર્ણ કરીને પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે કોર કમીટીના સભ્યો સાથે બેઠક કરીને આગામી ચૂટણી અંગે ચર્ચા કરીને કેટલીક સૂચનાઓ આપીને કાર્યક્રમો હાથ ધરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

કોર કમિટીના સભ્યો સાથે બેઠક યોજવા બાદ નીધી ટીમ સાથે વિસ્તારકો સાથે બેઠકો યોજીને આગામી ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચા વિચારણા કરીને ચુંટણી લક્ષી કાર્યક્રમ ઘડી કાઢીને હાથ ધરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર બે મહિનાનો જ સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા સહિતની ચૂંટણી લક્ષી કામગીરી હાથ ધરવા માટેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવી છે અને આવતીકાલ સુધીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા સહિતની ચૂંટણી લક્ષી કામગીરી હાથ ધરવા માટેની વ્યુહરચના ઘડી કાઢવામાં આવી છે અને આવતીકાલ સુધીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા માટે નિરીક્ષકોની યાદી જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. આગામી ૨૧મીથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન નિરિક્ષકો જિલ્લામાં કાર્યકર્તાઓને મળીને રજુઆતો સાંભળશે.

કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

આર્થીક ગતિવિધિઓને ઓન લાઈન કરી પારદર્શકતા સાથે જોડવામાં આવે તો આર્થિક વૃધ્ધિનો દર હરણફાળ સાબીત થાય અને વિકાસનો લાભ મહત્તમ લોકો સુધી પહોંચાડી શકાય. ઘરઘરમાં શૌચાલ્યને સ્વસ્થતા અભિયાન સાથે જોડી વિકાસ કરવાનો તથા જનતાની પાયાની સુવિધા વધારવાનો સરકારનો પ્રયોગ કેટલાક ગામોમાં રાજકિય પરિબળોના કારણો રૂંધાયો છે જે જગજાહેર હક્કિત છે.

જો પાયાની સુવિધા મેળવવામાં પણ જનતાને આઝાદિના ૭૦ વર્ષ સુધી રાહ જોવી પડતી હોય તો બીજા વિકાસના કાર્યોનું તો પૂછવું જ શું? અત્યાર સુધીમાં પાયાની સુવિધા આરોગ્યની સુવિધા જન સુખાકારીની સુવિધા પેટે જનતાના કરોડો રૂપિયાની ગ્રાન્ટ કયાં અને કેટલી વપરાઈ તેનો હિસાબ જ નથી મળતો અધિકારીઓની મીલીભગતથી સગાવાદને પોષતા રાજ નેતાઓનો ભ્રષ્ટાચાર જ ભારતના વિકાસના અવરોધનું મુખ્ય કારણ છે જેના પાયામાં પારદર્શકતાનો અભાવ અને નોકરશાહિ, અમલદારશાહિ કારણભૂત છે. સમયની સાથે જનતાપણ સજાગ અને ફરજ પરસ્ત હક્ક માંગતી થઈ છે જેના પ્રશ્નોના જવાબોથી ભાગવું હવે લગભગ જનપ્રતિનિધિઓથી અશકય અને અસંભવ છે. દરેક કાર્યોમાં ભ્રષ્ટાચાર જાહેર થતા વાર લાગતી નથી ટેકનોલોજીનો વિકાસ માહિતી પ્રસારની તેજી તથા જનતાના હક્કો પ્રત્યેની સજાગતા વધતી જાય છે.

જયારથી સબસીડીની વ્યવસ્થા ઓન લાઈન કરવામાં આવી છે ત્યારથી તેમાં પારદર્શીતા ના કારણે બનાવટી સબસીડી તથા ગેરલાભ મેળવનારાની સંખ્યા ઓછી થતી જાય છે અને ગ્રાન્ટ તથા સબસીડીનો ઉપયોગ વાસ્તવિક રીતે મળવા પાત્ર લાભાર્થીઓને મળી રહ્યો છે. સરકારની દરેક યોજના અને પરિયોજનાનો લાભ વાસ્તવિક લાભાર્થીઓને મળે તે માટે પારદર્શીકતા અને ડીઝીટલ લાઈઝેશન અતિ આવશ્યક છે. માહિતી ઓનલાઈન મુકવી ફરજીયાત બનાવવાથી છેવાડાની જનતા સુધી તેનો લાભ પહોંચાડવામાં કોઈ જ ગેરરીતિની સંભાના નથી રહેતી ઓનલાઈન ટેન્ડરીંગથી પારદર્શકતા વધતા જનતાની ગ્રાન્ટ જનતા સુધી પહોંચી થઈ છે અને ખરા અર્થમાં વિકાસના કામો થયા છે તેમજ જનતાને પોતાના ટેક્ષાના પૈસા કયા વિકાસના કામમાં વપરાયા છે તેનો હિસાબ જનપ્રતિનિધિ પાસે માંગે છે અને જનપ્રતિનિધિએ પણ હિસાબ આપવો એ બંધારણીય ફરજ છે.

અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

નાથવા માટે કેન્દ્ર સરકાર પણ જરૂરી પગલાં ભરે, એવો આગ્રહ સંઘ તરફથી કરવામાંઆવ્યોછે. બાંગલાદેશી ઘૂસણખોરોતથા મ્યાનમારના રોહિંગ્યાસની સમસ્યા અંગે પણ ચિંતા વ્યક્ત કરાઈ હતી. નવાઈ એ વાતની છે કે દેશમાં બે કરોડ બાંગલાદેશી ઘૂસણખોરો વસતા હોવાનું કેન્દ્રના ગૃહ રાજ્ય મંત્રી કિરણ રિજીજુએ સંસદમાં જણાવ્યા છતાં કેન્દ્ર અને આસામની ભાજપ સરકાર માત્ર ૩૦ ઘૂસણખોરોને એમના દેશમાં પાછા કાઢી શકી છે, એવું આસામ વિધાનસભામાં જણાવવામાં આવ્યું હતું! માંડ અઢી હજાર બાંગલાદેશી ઘૂસણખોરોને ઓળખી શકેલી ભાજપ સરકાર બે કરોડને પાછા મોકલે એ ભગીરથ કામ ઊભું છે ત્યાં તો હજારો રોહિંગ્યાસને તગેડવાનો મામલો આવી પડ્યો છે.કૉંગ્રેસમાંથી ભાજપમાં આવીને ઈશાન ભારતમાં ''ભાજપના મૅકિયાવેલી'' તરીકે જાણીતા આસામના પ્રધાન હિમન્તા બિસ્વા સરમા જે મંચ પરથી મ્યાનમ્યારના મુસ્લિમ રોહિંગ્યાસને તેમના દેશમાં પાછા કાઢવા આગ્રહ કરી રહ્યાં હતા એ જ મંચ પરથી ઈશાન ભારતનાં રાજ્યોમાં ભાજપના મુખ્ય મંત્રીઓના સમારંભોમાં મંચસ્થ આર્ટ ઑફ લિવિંગના પ્રણેતા રોહિંગ્યાસને શરણાર્થી તરીકે સુવિધા આપવાનો આગ્રહ કરતા હતા!

અયોધ્યામાં રામમંદિર નિર્માણનો મુદ્દો સંઘ પરિવારના એજન્ડામાં કેન્દ્રસ્થાને હોવા છતાં એ સુપ્રીમ કોર્ટમાં હજુ વિચારાધીન હોવાને કારણે સમન્વય બેઠકમાં એ વિશે હાથ ધરાયેલા ચિંતન વિશે ઝાઝી ચર્ચા મીડિયા સાથે કરવામાં આવી નહોતી. આમ છતાં સંઘ અને ભાજપ તેમજ વિશ્વ હિંદુ પરિષદ એ વિશે સત્વરે મંદિર નિર્માણની કાર્યવાહી હાથ ધરાય એ બાબતે વિશ્વાસ ધરાવે છે. વિહિંપના સુપ્રીમો ડૉ. પ્રવીણ તોગડિયા પણ આ બેઠકમાં હાજર હતા અને રામમંદિર તેમજ કેરળ સહિતના મુદ્દે વિહિંપ કાર્યક્રમો આપશે એવું અનુમાન છે. ભારત સરકારની નોટબંધી યોજના વિશે પણ બેઠકમાં ચર્ચા થઈ હતી. એકંદરે આ ત્રિદિવસીય ચિંતન રાજકીય પાંખ ભાજપની સરાહના અને સહયોગની દિશામાં હતું. ભારત હવે સુપરપાવર-મહાશક્તિની ભૂમિકામાં આગળ વધે એવું સમન્વય બેઠકમાં અપેક્ષિત મનાયું છે. ચીન સાથેના તાજા ટકરાવમાં ભારતની ભૂમિકા મજબૂત રહ્યા પછી હવે સામાજિક અને આર્થિક ક્ષેત્રે ભારત વિશ્વમાં અગ્રણીની ભૂમિકા નિભાવે એવા સંકેત મળી રહ્યા છે. સંઘે જોકે, ભારતના શાસકોને ચેતવ્યા પણ છે કે વિશ્વમાં મહાશક્તિની ભૂમિકા અદા કરવા જતાં ભારતીયતાની મૂળ ભાવના અને ઓળખને અભેરાઈએ ચડાવી ના દેવાય એ જરૂરી છે. ગ્રામીણ અર્થવ્યવસ્થા પર ભાર મૂકીને સ્વરોજગાર નિર્માણ કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. પ્રત્યેક ક્ષેત્રમાં માત્ર સ્વદેશીના નામનું રટણ કરવાને બદલે વસ્તુ વપરાશમાં તથા ભાષા, વેશભૂષા અને સંસ્કૃતિમાં પણ સ્વદેશીના જતન પર ભાર મૂકવાનો આગ્રહ બેઠકમાં સેવવામાં આવ્યો હતો. - haridesai@gmail.com

કામગીરી પૂર્ણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દોર રહ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ જવાનો, અર્ધલશ્કરી દળના જવાનો અને નાગરિક વહીવટીતંત્રના અધિકારીઓ આ ઓપરેશનમાં જોડાયા હતા. ગઈકાલે બીજા દિવસે સર્ચ ઓપરેશન દરમિયાન ડેરામાં એક ગેરકાયદે ફટાકડા ફેક્ટરી મળી આવ્યા બાદ તેને સીલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીમાં ફટાકડા ઉપરાંત વિસ્ફોટક સામગ્રી કબજે કરવામાં આવી હતી. ઉપરાંત બાબાની ગુપ્ત ગુફાનો પર્દાફાશ પણ કરાયો હતો. સર્ચ ઓપરેશન દરમિયાન એફએસએલ ટીમ પાસેથી પણ કેટલીક માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. રોહતક, સોનીપત, હિસાર, પાનીપત, કરનાલ સહિતના વિસ્તારોની એફએસએલ ટીમો પહોંચી છે. ઓપરેશનના ભાગરૂપે આઈઆઈટી રોરકીના ફોરેન્સિક નિષ્ણાંતોની ટીમ દ્વારા એ ગુપ્તાની પણ ચકાસણી કરવામાં આવી હતી જ્યાં મહિલા પર બાબા અત્યાચાર કરતો હોવાનુ બહાર આવ્યુ છે. પ્રથમ દિવસે સવારે નવ વાગે સર્ચ ઓપરેશન શરૂ થયા બાદ સાંજે ૬.૩૦ વાગે સુધી ચાલ્યુ હતુ. બીજા દિવસે પણ કલાકો સુધી આ કામગીરી ચાલુ રહી હતી.

બે કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધાયા છે. જ્યારે દહેગામમાં અત્યાર સુધી ૧૮ કેસ નોંધાયા છે. કલોલમાં ૫૧ કેસ અને માણસામાં ૧૭ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના કરાઈ ગામે એક ૨૪ વર્ષીય યુવકને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત દહેગામ તાલુકાની અમરભારતીની ૨૧ વર્ષીય મહિલાને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું પરીક્ષણમાં જણાયેલ છે.

બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં બન્નેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આજે મળી આવેલ બન્ને દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે પણ અન્ય કોઈ શંકાસ્પદ કેસ મલ્યો નહિ હોવાનું જાણવા મળેલ છે.

તાપમાં શેકાતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહેસાસથી જનજીવનમાં પણ અકળામણ વર્તાય છે.

આ વર્ષે ચોમાસામાં ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ૧૩૭ ટકાથી વધુ વરસાદ નોંધાતા સૌના મનમાં સંતોષની લાગણી અનુભવાય છે. પરંતુ આટઆટલા વરસાદ છતાં બાફના કારણે હજુ ઠંડક નથી. ૮૫ ટકા ભેજ સાથેનું વાતાવરણ શુષ્ક લાગી રહ્યુ છે. રોગચાળાનો ઉપદ્રવ પણ વધી રહ્યાનો આંકડાઓ ચાડી ખાય છે. તાવ, ખાંસી, ઉધરસ, માથુ અને શરીર દુઃખવાના અનેક કેસ દવાખાનાઓમાં ઉભરાય છે. બેચેનીભર્યા વાતાવરણને કારણે તાવના વાવડ ઘેર ઘેર સંભળાય છે.